# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

1) **કેન્દ્રીય મંત્રીમંડળે કરોડ રૂપિયાની રેલવે મંત્રાલયની બે 405 હજાર 6 પરિયોજનાને મંજૂરી આપી**
2) **પહેલી જુલાઇથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઇટ અને એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે**
3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કલ્યાણલક્ષી વિકાસ પ્રત્યે સરકારની અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી**
4) **વિશ્વ બેંકે નાણાકીય વર્ષ 2025-26 માટે ભારતનો આર્થિક વિકાસ દર 6.3 ટકા રહેવાનો અંદાજ મૂક્યો**
5) **આવતીકાલથી 16મી જૂન દરમિયાન દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં ભારેથી અતિભારે વરસાદ સાથે ચોમાસું સક્રિય થવાની આગાહી**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET - DECISION

કેન્દ્રીય મંત્રીમંડળે 6 હજાર 405 કરોડ રૂપિયાની રેલવે મંત્રાલયની બે પરિયોજનાને મંજૂરી આપી છે. આ પરિયોજનામાં કોડરમા-બરકાકાના રેલ લાઇનને ડબલ કરવા ત્રણ હજાર 63 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે, જ્યારે બલ્લારી-ચિકજાજુર રેલ લાઇનને ડબલ કરવા ત્રણ હજાર 342 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે. મંત્રીમંડળની બેઠક બાદ નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે 133 કિલોમીટરનો કોડરમા-બરકાકાના ડબલિંગ પ્રોજેક્ટ 938 ગામ અને 15 લાખ લોકોને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે.

(બાઇટ: VAISHNAV-ON-KODERMA)

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે 185 કિલોમીટર લાંબી બેલ્લારી-ચિકજાજુર ડબલિંગ લાઇન મેંગલોર બંદરને સિકંદરાબાદ સાથે જોડશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ કર્ણાટકના બલ્લારી અને ચિત્રદુર્ગ અને આંધ્રપ્રદેશના અનંતપુરમાંથી પસાર થાય છે.

(બાઇટ: VAISHNAV----BALLARY—CHIKJAJUR)

આ પરિયોજનાના નિર્માણ દરમિયાન, અંદાજે 108 લાખ માનવદિવસની રોજગારીનું સર્જન થશે.

# RAILWAYS-TATKAL

રેલવે મંત્રાલયે જણાવ્યું છે કે પહેલી જુલાઈથી ફક્ત તે જ વપરાશકર્તાઓ IRCTC વેબસાઇટ અને એપ દ્વારા ઓનલાઈન તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે જેમણે પોતાનું ખાતું આધાર કાર્ડ સાથે પ્રમાણિત કરાવ્યું હશે. તત્કાલ ટિકિટોની વાજબી અને પારદર્શક પહોંચ સુનિશ્ચિત કરવા અને મુસાફરોના હિતનું રક્ષણ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

ભારતીય રેલવે એ તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી છે. નવી યોજના અનુસાર, આ વર્ષે 15 જુલાઈથી ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર-આધારિત OTP પ્રમાણીકરણ ફરજિયાત બનશે. કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા બુક કરાયેલ તત્કાલ ટિકિટ માટે બુકિંગ સમયે વપરાશકર્તા દ્વારા આપવામાં આવેલા મોબાઇલ નંબર પર OTP પ્રમાણીકરણ કરાશે.

# REV. PM - SOCIAL SECURITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કલ્યાણલક્ષી વિકાસ પ્રત્યે સરકારની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી, વિવિધ લોકલક્ષી યોજનાઓ મહત્તમ નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કર્યું. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનના તાજેતરના આંકડા અનુસાર, ભારતનું સામાજિક સુરક્ષા કવરેજ 2015માં 19 ટકાથી વધીને 2025માં 64.3 ટકા થયું છે. શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની સોશિયલ મીડિયા પોસ્ટ અંગે પ્રતિક્રિયા આપતા, શ્રી મોદીએ આ પહેલોની અસરકારકતા અને પહોંચમાં પ્રશંસનીય વૃદ્ધિને બિરદાવી.

# REV JAISHANKAR BRUSSELS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બ્રસેલ્સમાં યુરોપિયન સંસદના પ્રમુખ રોબર્ટા મેત્સોલા સાથે ભારત-યુરોપિયન સંઘ સંસદીય સંબંધોને વધુ મજબૂત બનાવવા, લોકશાહી અને બહુલતાના સહિયારા મૂલ્યો પર નિર્માણ કરવા અંગે ચર્ચા કરી. બેઠક બાદ સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે તેઓ વેપાર, ટેકનોલોજી અને સુરક્ષામાં ભારત-યુરોપિયન સંઘ ભાગીદારીને આગળ વધારવા અંગે તેમની સકારાત્મક લાગણીઓની કદર કરે છે.

ડૉ. જયશંકર વેપાર અને આર્થિક સુરક્ષા માટેના યુરોપિયન કમિશનર, મારોસ સેફકોવિકને પણ મળ્યા. તેમણે ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે વ્યાપક, સંતુલિત અને અર્થપૂર્ણ મુક્ત વેપાર કરાર માટે ચર્ચામાં થયેલી પ્રગતિને માન્યતા આપી. તેઓ સંમત થયા કે તે વ્યૂહાત્મક ભાગીદારીને ઉન્નત કરશે જે ઝડપથી નવા પરિમાણો અને પાસાઓ પ્રાપ્ત કરી રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VAISHNAW - BSF PERSONNEL

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ત્રિપુરાથી કાશ્મીર ફરજ પર જઈ રહેલા BSF કર્મચારીઓને અયોગ્ય અને જૂની ટ્રેનો પૂરી પાડવા બદલ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરી હતી. અલીપુરદ્વાર ડિવિઝનના ચાર અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં ત્રણ વરિષ્ઠ વિભાગીય ઇજનેર અને ઉત્તરપૂર્વ સરહદી રેલવે ઝોનના અલીપુરદ્વાર ડિવિઝનના કોચિંગ ડેપો અધિકારીનો સમાવેશ થાય છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સુરક્ષા દળોનું ગૌરવ અને આરામ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આવી બેદરકારી કોઈપણ સ્તરે સહન કરાશે નહીં. અગરતલાથી એક ખાસ ટ્રેન હવે ફક્ત BSF કર્મચારીઓ માટે જ ગોઠવવામાં આવી રહી છે, જેમાં તેમની સુવિધા અને સન્માનનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે. રેલવે મંત્રાલયે સમગ્ર ઘટનાની વિગતવાર તપાસનો આદેશ પણ આપ્યો છે.

# WORLD BANK- INDIA GROWTH

વિશ્વ બેંકે નાણાકીય વર્ષ 2025-26 માટે ભારતનો આર્થિક વિકાસ દર 6.3 ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે, અને કહ્યું છે કે દેશ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી વિકાસ દર જાળવી રાખશે.

વિશ્વ બેંકના તાજેતરના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર, ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિમાં ઘટાડો થવાને કારણે નાણાકીય વર્ષ 2024-25માં ભારતનો વિકાસ દર મધ્યમ રહ્યો. જોકે, બાંધકામ અને સેવાઓ પ્રવૃત્તિમાં વૃદ્ધિ સ્થિર રહી, અને ગ્રામીણ વિસ્તારોમાં સ્થિતિસ્થાપક માંગને કારણે ગંભીર દુષ્કાળની સ્થિતિમાંથી કૃષિ ઉત્પાદનમાં સુધારો થયો.

અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ 2026-27 અને 2027-28માં, સરેરાશ વાર્ષિક 6.6 ટકા વૃદ્ધિ થવાની ધારણા છે.

# JITENDRA-REDRESSAL

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્રસિંહ આ વર્ષે જુલાઈમાં પારિવારિક પેન્શનર અને અતિ વરિષ્ઠ પેન્શનરની ફરિયાદોના નિવારણ માટે એક મહિનાનું વિશેષ અભિયાનનો બીજો તબક્કો શરૂ કરશે. પેન્શન અને પેન્શનરો કલ્યાણ વિભાગ પારિવારિક પેન્શનરો અને અતિ વરિષ્ઠ પેન્શનરોની બે હજાર 210 ફરિયાદોના નિવારણ માટે આ અભિયાન શરૂ કરશે. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના જણાવ્યા અનુસાર, આજે પેન્શન સચિવની અધ્યક્ષતામાં પેન્શનરોની ફરિયાદો સાથે કામ કરતા નોડલ અધિકારીઓ સાથે એક તૈયારી બેઠક યોજાઈ હતી.

# SPECIAL FEATURE - 11 YEARS OF GOVT

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતોથી પ્રેરિત, ભારત એક દાયકાથી નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થયું છે. આકાશવાણી ન્યૂઝ તમારા માટે છેલ્લા 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રોમાં સરકારના પ્રયાસો પર એક ખાસ શ્રેણી લાવે છે. આજે, અમે ભારતના પરિવહન માળખાના પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

**(વોઇસ કાસ્ટ: સમીર અન્સારી)**

*ભારતમાલા પરિયોજના હેઠળ 20 હજાર કિલોમીટરથી વધુ ધોરીમાર્ગ બનાવાયા છે. દરમિયાન, ગ્રામીણ જોડાણ 99 ટકા સુધી પહોંચી ગયું છે, જેમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગત દસ વર્ષમાં 7 લાખ કિલોમીટર કરતાં વધુના રસ્તાઓ બનાવાયા છે. પીએમ ગતિશક્તિ અંતર્ગત 44 મંત્રાલયો અને 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને GIS-આધારિત ડિજિટલ પ્લેટફોર્મ પર એકીકૃત કરાયા છે. રેલવેમાં 45 હજાર કિલોમીટરથી વધુ રૂટનું વિદ્યુતિકરણ કરાયું. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ એક હજાર 300થી વધુ રેલવે મથકોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. ઉડ્ડયન ક્ષેત્રમાં, ઉડે દેશ કા આમ નાગરિક-UDAN યોજના હેઠળ 88 હવાઈમથક સક્રિય કરાયા છે.*

*વિષ્ણુકુમાર સાથે સમીર અન્સારી આકાશવાણી, અમદાવાદ*

# IMD-WEATHER

હવામાન વિભાગે જણાવ્યું કે આ મહિનાની 12મીથી 16મી તારીખ દરમિયાન દક્ષિણ દ્વીપકલ્પ ભારત, કોંકણ અને ગોવામાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ અને છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદ સાથે ચોમાસું સક્રિય તબક્કામાં રહેશે. હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન પશ્ચિમ હિમાલય પ્રદેશ સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં હીટવેવથી લઈને તીવ્ર હીટવેવની સ્થિતિની પણ આગાહી કરી છે. મરાઠાવાડા, છત્તીસગઢ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આગામી બે-ત્રણ દિવસ દરમિયાન વીજળી અને ભારે પવન સાથે ગાજવીજ થવાની સંભાવના છે.

# CRICKET-WTC

ક્રિકેટમાં, વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર મેચ રમાઈ રહી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે.

છેલ્લા અહેવાલ અનુસાર ઓસ્ટ્રેલિયાએ 50 ઓવરમાં 5 વિકેટે 190 રન બનાવ્યા છે.